રજીસ્ટર્ડ તારીખઃ- ૧૨-૮-૨૦૧૩
ફેસલ તારીખઃ- ૦૯-૫-૨૦૨૪
અવધીઃ-વર્ષ .... માસ..... દિવસ....

અમદાવાદ શહેરના મહેરબાન એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટ નં.૧૭ માં,
મુ.અમદાવાદ.
(ચુકાદાની તા.૯-૫-૨૦૨૪)

સેશન્સ કેસ નં.૨૫૯/૨૦૧૩
આંકઃ-

ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર VI ના 179 A-અન્વયેના નોટીફીકેશન નં.સી-૨૦૦૧-૯૩ તા.૨૦-૦૫-૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ

FORM-A

એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન	
પોલીસ સ્ટેશનઃ-	મણીનગર,અમદાવાદ શહેર ફર્સ્ટ ગુના રજી.નં.૩૬૯/૨૦૦૮
ગુનોઃ-	ઇ.પી.કો.કલમ-૪૮૯(બી)(સી),૧૨૦(બી)મુજબ
તહોમતનામા મુજબ તહોમતઃ-	ઇ.પી.કો.કલમ-૪૮૯(બી)(સી),૧૨૦(બી)મુજબ
ફરિયાદીઃ-	શ્રી સરકાર(સ્ટેટ ઓફ ગુજરાત) (મુળ ફરિયાદીઃ-જતીનભાઇ પ્રફુલભાઇ શાહ)
વિ.એ.પી.પી. શ્રીઃ-	શ્રી ડી.એમ.ઠાકોર
આરોપીઃ-	સચીન રસીકલાલ શાહ ઉ.વ.આ.પુખ્ત, રહે.૬૮ અંકિત સોસાયટી, રામવાડી પાસે,ઇસનપુર, અમદાવાદ
આરોપીપક્ષે વિ.વ.શ્રીઃ-	એસ.વી.ઠક્કર

FORM-B

ગુનો બન્યા તારીખઃ-	૨૬-૧૨-૨૦૦૮
ફરિયાદની તારીખઃ-	૨૬-૧૨-૨૦૦૮

ચાર્જશીટની તારીખઃ–	૨૩–૪–૨૦૦૯
તહોમત ફરમાવ્યાની તારીખઃ–	૧૭–૧૦–૨૦૧૯
પુરાવો શરૂ કર્યાની તારીખઃ–	૨૦–૧૧–૨૦૧૯
ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યાની તારીખઃ–	–
ચુકાદાની તારીખઃ–	૯–૫–૨૦૨૪
સજાના હુકમની તારીખ જો કોઈ હોય તો,	–

<u>આરોપીની વિગતઃ–</u>

આરોપી નંબર	આરોપીનું નામ	ધરપકડની તારીખ	જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત	કયા ગુનાનો આક્ષેપ છે?	નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ?	શું સજા કરી?	ક્રિ.પ્રો.કોડ ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.
૧	સચીન રસીકલાલ શાહ	૨૬–૧૨–૨૦૦૮	૧૩–૧–૨૦૦૯	ઈ.પી.કો. કલમ–૪૮૯(બી)(સી) મુજબ	શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ છે	–	–

FORM-C

<u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

(એ) ફરિયાદપક્ષ તરફે

<u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

અ.નં.	સાહેદનું નામ	વિગત	આંક
૧	રમેશભાઈ હેમચંદભાઈ ઠક્કર	આરોપીની શરીરસ્થિતી તેમજ અંગજડતીના પંચનામાના પંચ	૮
૨	પ્રશાંત શંકરનારાયણ તચપુલ્લી	બનાવટી ચલણી નોટો	

		કબજે કર્યાના પંચનામાના પંચ	
૩	પ્રાણજીવનભાઇ ગોરધનભાઇ પટેલ	આરોપીની અંગજડતી માંથી મળી આવેલ ચલણી નોટો એફ.એસ. એલ.અધિકારીને ચકાસણી માટે મોકલવા અંગે કરેલ પંચનામાના પંચ	૧૭
૪	મિતા પ્રણવ દલીલ	એચડીએફસી બેંકમાં કેશીયર તરીકે ફરજ બજાવનાર	૨૦
૫	સુશાંતો વિશ્વરંજન દત્તા	એચડીએફસી બેંકના ડેપ્યુટી મેનેજર	૨૧
૬	ચંદ્રકાંત મણીલાલ સોની	દાગીના વેલ્યુએશન કરનાર સોની	૨૨
૭	જતીનભાઇ પ્રફુલભાઇ શાહ	ફરિયાદી	૨૪
૮	સુરેન્દ્રસિંગ અનોખેસિંગ ચૌહાણ	એચડીએફસી બેંકના સિકયુરીટી ગાર્ડ	૩૭
૯	સબીતા સૈજુ મોટુત	એચડીએફસી બેંકના હેડ કેશીયર	૩૮
૧૦	ભઇજીભાઇ અમરસિંહ ડાભી	ફરિયાદ લેનાર	૩૯
૧૧	તરૂણ બછરાજ છાજેડ	સ્વતંત્ર સાહેદ	૪૨
૧૨	રાજેશ કાંજીભાઇ જૈન	સ્વતંત્ર સાહેદ	૪૫
૧૩	દિપક રામચંદ ચંદાની	સ્વતંત્ર સાહેદ	૪૭
૧૪	નરેન્દ્ર કનૈયાલાલ ખેસકાણી	સ્વતંત્ર સાહેદ	૪૯
૧૫	કમલભાઇ ગુલાબચંદ જૈન	સ્વતંત્ર સાહેદ	૫૧
૧૬	બાબુભાઇ લીલાભાઇ દેસાઇ	તપાસ કરનાર અમલદાર	૫૩

(બી) બચાવપક્ષે સાહેદ જો હોય તો,

સાહેદ નંબર	સાહેદનું નામ	કયા પ્રકારનો સાહેદ/પુરાવો
–	–	–

(સી) કોર્ટ સાહેદ જો કોઇ હોય તો,

સાહેદ નંબર	સાહેદનું નામ	કયા પ્રકારનો સાહેદ/ પુરાવો
–	–	–

<u>ફરિયાદપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજી પુરાવાઃ</u>–

અ.નં.	વિગત	આંક
૧	આરોપીની શરીરસ્થિતી તથા અંગજડતીનુ પંચનામુ	૯
૨	ગુનાવાળી જગ્યાએથી બનાવટી ચલણી નોટો કબજે કર્યાનુ પંચનામુ	૧૩
૩	મુદ્દામાલ આર્ટીકલ નં.૧ થી ૩ ની પંચસ્લીપો	૧૪ થી ૧૬
૪	આરોપીની અંગજડતીમાંથી મળી આવેલ નોટો એફએસએલ ખાતે મોકલવા અંગે કરેલ પંચનામુ	૧૮
૫	મુદ્દામાલ આર્ટીકલ નં.૪ ની પંચસ્લીપ	૧૯
૬	ફરિયાદ	૨૫
૭	ફરિયાદ સાથે રજુ થયેલ બનાવટી ચલણી નોટોનુ લિસ્ટ	૨૬
૮	તરૂણભાઇ લચ્છરાજ છાજેડના મકાનનુ જડતી પંચનામુ	૨૭
૯	નરેન્દ્રભાઇ કનૈયાલાલ ખેશકાણીના મકાનનુ જડતી પંચનામુ	૨૮
૧૦	રાજેશભાઇ કાનજીભાઇ જૈનના મકાનનુ જડતી પંચનામુ	૨૯
૧૧	દિપકભાઇ રામચંદ ચંદાણીના મકાનનુ જડતી પંચનામુ	૩૦
૧૨	ચીફ મેટ્રો.મેજી.ને જુદા, જુદા સાહેદોના ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબના નિવેદનો નોંધવા કરેલ યાદી	૩૧ થી ૩૫
૧૩	ચાર્જ અમલદારનો રીપોર્ટ	૪૦
૧૪	તરૂણ બછરાજ છાજેડે નોટરી પબ્લીક રૂબરૂ કરેલ એફીડેવીટ	૪૩
૧૫	તરૂણ બછરાજ છાજેડનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન	૪૪
૧૬	રાજેશ કાંજીભાઇ જૈનનુ ક્રિ.પ્રો.કોડ કલમ–૧૬૪ મુજબનુ નિવેદન	૪૬

૧૭	દિપક રામચંદ ચંદાનીનુ ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબનુ નિવેદન	૪૮
૧૮	નરેન્દ્ર કનૈયાલાલ ખેસકાણીનુ ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબનુ નિવેદન	૫૦
૧૯	કમલભાઇ ગુલાબચંદ જૈનનુ ક્રિ.પ્રો.કોડ કલમ-૧૬૪ મુજબનુ નિવેદન	૫૨
૨૦	બનાવટી નોટોની ચકાસણી માટે લખેલ યાદી	૫૪
૨૧	આરોપીના રહેણાંક મકાનની ઝડતીનુ પંચનામુ	૫૫
૨૨	એચડીએફસી બેંકને લખેલ પત્ર	૫૬
૨૩	એફ.એસ.એલ.પત્ર	૫૯
૨૪	એફ.એસ.એલ.અહેવાલ	૬૦
૨૫	મુદ્દામાલ રવાનગી નોંધ	૬૧
૨૬	એફ.એસ.એલ.પહોંચ	૬૨
૨૭	કમલભાઇ ગુલાબભાઇ જૈનના મકાનનુ જડતી પંચનામુ	૬૩
૨૮	વિશાલ મહાદેવભાઇના મકાનનુ જડતી પંચનામુ	૬૪

બચાવપક્ષ તરફે અંકે પડેલા દસ્તાવેજો

અ.નં.	દસ્તાવેજનું નામ	આંક
-	-	-

કોર્ટ તરફે અંકે પાડેલા દસ્તાવેજો

અ.નં.	દસ્તાવેજનું નામ	દસ્તાવેજનું વર્ણન
-	-	-

<u>મુદ્દામાલની વિગત</u>

મુદ્દામાલ પાવતી નં.૨૨૯/૨૦૦૮,તા.૨૬-૧૨-૨૦૦૮

અ.નં.	આર્ટીકલ નં.	મુદ્દામાલની વિગત
૧	૧	રૂા.૫૦૦/-ના દરની બાણું નોટોનુ સિલબંધ પેકેટ-૧
૨	૨	રૂા.૫૦૦/-ના દરની પાંચ નોટો તથા રૂા.૧૦/- ના દરની

		નોટ નંગ–૧ સિલબંધ પેકેટ
૩	૩	એચડીએફસી બેંકની ડીપોઝીટ સ્લીપ નંગ–૧

મુદ્દામાલ પાવતી નં.૨૩૦/૨૦૦૮, તા.૨૭–૧૨–૨૦૦૮

અ.નં.	આર્ટીકલ નં.	મુદ્દામાલની વિગત
૧	૪	રૂ.૧૦૦૦/–ના દરની આંઠ નોટો તથા રૂ.૫૦૦/– ના દરની ચાર નોટો, રૂ.૧૦૦/–ના દરની એક નોટ સિલબંધ
૨	૫	નોકીયા કંપનીનો મોડલ નં.૨૬૩૦ નો કાળા કલરનો મોબાઈલ ફોન –૧

<u>ચુ કા દો</u>

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૨૭–૭–૨૦૦૭ ના રોજ મણીનગર ચાર રસ્તા પાસે આવેલ નક્ષત્ર કોમ્પલેક્ષમાં આવેલ એચ.ડી.એફ.સી.બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી તે લોન પેટે ભરવાના થતા નાણા રૂ.૪૮,૫૦૮/– ની રોકડ રકમ તા. ૨૬–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૧૪–૩૦ વાગ્યે આરોપી ઉપરોકત બેંકમાં ભરવા માટે ગયેલ હતા જેમાં બેંકમાં ભરવા પેટે રૂ.૫૦૦/– ના દરની ૯૭ તથા રૂ.૧૦/–ના દરની એક નોટ બેંકમાં આપતા તે પૈકીની રૂ.૫૦૦/–ના દરની ૯૨ ચલણી નોટો તથા આરોપીની અંગજડતી માંથી બીજી રૂ.૫૦૦/–ના દરની ત્રણ નોટો એ રીતે કુલ્લે–૯૫ ચલણી નોટો મળી કુલ્લે રૂ.૪૭,૫૦૦/– ની નોટો ખોટી અને બનાવટી હોવાનુ આરોપી પોતે જાણતા હોવા છતા તે ચલણી નોટો ખરા તરીકે બેંકમાં રજુ કરી ગુન્હાહીત કાવતરૂ કરી આરોપીએ ઇ.પી.કો.કલમ–૪૮૯(બી)(સી) તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનુ ચાર્જશીટ

રજુ કરેલુ છે.

(૨) હાલના આરોપી વિરૂધ્ધ ઉપરોકત હકીકતે અમદાવાદ શહેરના મણીનગર પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજી.નં.૩૬૯/૨૦૦૮ થી ગુનો દાખલ થયેલો અને તપાસ કરનાર અધિકારી ઘ્વારા તપાસના અંતે એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૫ માં ક્રિમીનલ કેસ નં.૫૧૧/૨૦૦૯ થી ચાર્જશીટ રજુ કરવામાં આવેલુ. ત્યારબાદ આરોપી વિરૂધ્ધ નોંધાયેલ ગુનો ચલાવવાની સત્તા સેશન્સ અદાલતને હોવાથી વિધ્વાન એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી ઘ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૯ અન્વયે સદરહુ ચાર્જશીટ સેશન્સ કોર્ટમાં કમીટ કરવામાં આવેલ છે અને આ કામ વધુ ઈન્સાફી કાર્યવાહી અર્થે અત્રેની અદાલતને એલોટ કરવામાં આવેલુ છે.

(૩) સદર ગુના કામે આરોપીને પોલીસ પેપર્સની નકલ આપવામાં આવેલ છે કે કેમ તેની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ-૪૮૯(બી)(સી) તથા ૧૨૦(બી)મુજબના ગુના સબબ આંક-૬ થી તહોમત નામુ ફરમાવી તે આરોપીને વાંચી, સંભળાવી, સમજાવી આંક-૭ થી જવાબ લેતાં આરોપીએ ગુનો કબુલ ન હોવાનું જણાવી પોતાની વિરૂધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવતા આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ત્યારબાદ આ કામ પુરાવા માટે રાખવામાં આવેલ. ફરીયાદપક્ષ તર્ફે પોતાના કેસના સમર્થનમાં જે મૌખિક પુરાવા અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલા છે તે ઉપરોકત ચુકાદાના પરિશિષ્ટના ફોર્મ-સી માં જણાવ્યા મુજબ છે.

(૫) ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો પુરો થતાં ફરિયાદપક્ષે વધુ મૌખિક પુરાવો આપવો નથી તે બાબતે પુરાવો પુરો થયાની પુરસીસ આ કામે આંક–૬૬ થી આપવામાં આવતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલો છે.

(૬) ફરિયાદપક્ષ તર્ફે જે પુરાવો પડેલો છે તે અંગે આરોપીને બચાવની વાજબી તક મળી રહે તે માટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ હેઠળ આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધ રજુ થયેલા પુરાવાનો ઈન્કાર કરેલો છે અને વિશેષમાં લેખિત નિવેદન રજુ કરેલુ છે જે લેખિત નિવેદન વંચાણે અને ધ્યાને લીધુ. આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપેલી નથી કે બચાવમાં સાહેદો તપાસેલા નથી.

(૭) ત્યારબાદ ફરિયાદપક્ષે વિધ્વાન એડી.પી.પી.શ્રી ડી.એમ.ઠાકોર મૌખિક દલીલો કરતાં જણાવે છે કે ફરિયાદીએ તા.૨૬–૧૨–૨૦૦૮ ના રોજ બનાવની ફરિયાદ આપેલી છે તે મુજબ આરોપી એચ.ડી.એફ.સી. બેંકમાં લીધેલ ગોલ્ડ લોન પેટેની રકમ ભરવા ગયેલા તેમાં રૂ.૫૦૦/–ના દરની ૯૭ નોટો હતી ઉપરની ત્રણ અને છેલ્લી બે સાચી નોટો હતી બાકીની ૯૨ નોટો ડુપ્લીકેટ હતી, ફરિયાદી જતીન પ્રકુલભાઇ શાહ આ નોટો લઇ મેઇન બ્રાંચમાં ગયેલા અને મશીનમાં ચેક કરતા ૯૨ નોટો નકલી હતી, આંક–૨૪ થી બનાવ બાબતે ફરિયાદ આપનાર ફરિયાદી જતીનભાઇ પ્રકુલભાઇ શાહને તપાસેલા છે, મળી આવેલ નોટો એફ.એસ.એલ.માં મોકલતા તે નોટો ડુપ્લીકેટ હોવાનો રીપોર્ટ આવેલો છે, બેંકના કેશીયર મિનાબેનને આ નોટો બનાવટી હોવાની શંકા જતા કબજે કરેલ છે, બેંકમાં આરોપીએ ભરેલ સ્લીપ પણ નોટોના લિસ્ટ સાથે સામેલ

છે, આંક–૨૦ થી કેશીયર મિતાબેનને તપાસેલા છે, મળી આવેલ બનાવટી ચલણી નોટો સિલ કરી પંચોની હાજરીમાં કબજે કરેલ છે, આંક–૧૨ થી પંચ પ્રશાંત શંકરનારાયણને તપાસેલા છે તેઓએ આ બનાવટી નોટો આરોપી પાસેથી રીકવર કરેલાનુ જણાવેલુ છે, નાણા ભરવાની સ્લીપ આંક–૧૬ થી રજુ છે, આંક–૨૧ થી બેંકના ડેપ્યુટી મેનેજર સુશાંતો વિશ્વરંજન દત્તાને તપાસેલા છે તેમણે બનાવને સમર્થન આપેલુ છે, આંક–૨૨ થી ચંદ્રકાંત સોનીને તપાસેલા છે જેઓએ આ પૈસા ખોટા હોવાનુ અને બેંકમાં મગજમારી થયેલાનુ જણાવેલુ છે, આંક–૩૭ થી બેંકના સિકયુરીટી સુરેન્દ્રસિંહ ચૌહાણને તપાસેલા છે તેમણે બનાવને સમર્થન આપેલુ છે, આંક–૩૮ થી બેંકના કેશીયર સબિતા સૈંજુ મોહન ને તપાસેલા છે તેમણે બનાવને સમર્થન કરી મુદ્ધામાલ નોટો ઓળખી બતાવેલ છે, આંક–૩૯ થી ફરિયાદ લેનાર ભચજીભાઇ અમરસિંહ ડાભીને તપાસેલા છે, આંક–૪૨, આંક–૪૫, આંક–૪૭, આંક–૪૯ અને આંક–૫૧ થી તપાસેલા સાહેદોની જુબાની દરમ્યાન મેટ્રો.મેજી.કોર્ટમાં તેમના ક્રિ.પ્રો.કોડ કલમ– ૧૬૪ મુજબ નોંધેલા નિવેદનો રજુ થયેલા છે જે વંચાણે અને ધ્યાને લેતાં બનાવને સમર્થન મળે છે, આંક–૫૩ થી તપાસ કરનાર અમલદાર બાબુભાઇ લીલાભાઇ દેસાઇને તપાસેલા છે, આ કામે ફરિયાદપક્ષ દ્વારા રજુ થયેલો પુરાવો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરવામાં આવેલ હોવાથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદામાં જણાવેલી મહત્તમ સજા કરવા માટે વિનંતી કરી છે.

(૮) જયારે આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રી દ્વારા આંક–૬૮ થી રજુ

કરેલ લેખિત દલીલો વંચાણે અને ધ્યાને લીધી. વધુમાં આરોપીના વિ.વ.શ્રી તર્ફે પોતાની લેખિત દલીલોના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલા છે જે ચુકાદા વંચાણે અને ધ્યાને લીધા.

(૧) ૨૦૦૧(૦) એઆઈજેઈએલ– નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૩૨૪૫૨ ઉમાશંકર વિરૂધ્ધ સ્ટેટ ઓફ છત્તીસગઢ

(૨) ૧૯૭૯(૦) એઆઈજેઈએલ–નામદાર સુપ્રિમ કોર્ટ, પાન નં.૧૬૦૬૦ એમ. મમુટ્ટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકા. ઉપરોકત બંને ચુકાદા વંચાણે અને ધ્યાને લીધા.

(૯) બંને પક્ષકારો તર્ફે થયેલ દલીલો તેમજ રજુ થયેલો પુરાવો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા</u>

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે આ કામના આરોપીએ તા.૨૭–૭–૨૦૦૭ ના રોજ મણીનગર ચાર રસ્તા પાસે આવેલ નક્ષત્ર કોમ્પલેક્ષમાં આવેલ એચ.ડી.એફ.સી.બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી તે લોન પેટે ભરવાના થતા નાણા રૂા.૪૮,૫૦૮/– ની રોકડ રકમ તા. ૨૬–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૧૪–૩૦ વાગ્યે આરોપી ઉપરોકત બેંકમાં ભરવા માટે ગયેલ હતા જેમાં બેંકમાં ભરવા પેટે રૂા.૫૦૦/– ના દરની ૯૭ તથા રૂા.૧૦/–ના દરની એક નોટ બેંકમાં આપતા તે પૈકીની રૂા.૫૦૦/–ના દરની ૯૨

ચલણી નોટો તથા આરોપીની અંગજડતી માંથી બીજી રૂા.૫૦૦/– ના દરની ત્રણ નોટો એ રીતે કુલ્લે–૯૫ ચલણી નોટો મળી કુલ્લે રૂા.૪૭,૫૦૦/– ની નોટો ખોટી અને બનાવટી હોવાનુ આરોપી પોતે જાણતા હોવા છતા તે ચલણી નોટો ખરા તરીકે બેંકમાં રજુ કરી ગુન્હાહીત કાવતરૂ કરી આરોપીએ ઇ.પી.કો.કલમ– ૪૮૯(બી)(સી) તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

(૨) શું હુકમ ?

(૧૦) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ

<u>-: કારણો :-</u>

<u>મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા:</u>–

રજુ થયેલ પુરાવો તેમજ બંને પક્ષકારો દ્વારા થયેલ મૌખિક દલીલો ધ્યાને રાખી પુરાવાનુ પુનરાવર્તન નિવારવા માટે મુદ્દા નં.૧ અને ૨ ની સંયુકત ચર્ચા કરી સંયુકત નિર્ણય આપેલ છે.

(૧૧) સદર કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે કુલ્લે–સોળ સાહેદો તપાસેલા છે તથા કુલ્લે–અઠ્ઠયાવીસ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલો છે.

(૧૨) આ કામે આંક–૮ થી સાહેદ નં.૧ તરીકે રમેશભાઇ હેમચંદભાઇ ઠક્કરને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ આરોપીની જડતી કરી તેની પાસેથી

મોબાઈલ તથા રોકડ રકમ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે જે પંચનામુ આંક–૯ થી રજુ છે. આ સાહેદ આંક–૯ ના પંચનામામાં પોતાની સહી સિવાયની મહત્વની વિગતોને સમર્થન કરતા ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની વિગતોને સમર્થન કરતા નથી. આમ આ પંચ સાહેદની જુબાનીથી પંચનામાની વિગતો પુરવાર થતી નથી.

(૧૩) આંક–૧૨ થી સાહેદ નં.૨ તરીકે પ્રશાંત શંકરનારાયણ તચપુલ્લીને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ તા.૨૬–૧૨–૨૦૦૮ ના રોજ મણીનગર એચ.ડી.એફ.સી.બેંકમાં ફરજ ઉપર હતા ત્યારે ગોલ્ડ લોન એકાઉન્ટમાં કેશ ભરવા માટે સચીનભાઈ શાહ આવેલા, સચિનભાઈ શાહે લોન એકાઉન્ટમાં પૈસા ભરવા માટે જે નોટો આપેલી તે પૈકી ૯૨ નોટો ખોટી હોવાનુ માલુમ પડેલુ, પાંચ નોટો સાચી હતી, સચીન શાહે આપેલ નોટોને યુ.વી. મશીનમાં તપાસતા ૯૨ નોટો ખોટી નિકળેલ હોય તે અંગેની જાણ તેમણે બ્રાંચ મેનેજરને કરેલી, બેંકના નિયમ મુજબ આ અંગે ફરિયાદ આપવામાં આવેલી, સચીન શાહ દ્વારા જે ખોટી નોટો આપેલી તે પોલીસે સાહેદની હાજરીમાં કબજે લીધેલી, તેમની સાથે બીજા પંચ તરીકે સચિનભાઈ હતા અને ફરિયાદ કરવા ગયેલા ત્યારે બ્રાંચ મેનેજર હાજર હતા, જે પંચનામુ આંક–૧૩ થી રજુ છે, પંચનામાની વિગતે કબજે લીધેલ કાઉન્ટર ફેક કરન્સી રૂ.૫૦૦/– ના દરની ૯૨ નોટોના સિરીઝ નંબર ઘણો સમય થયેલ હોવાથી તેમને હાલ યાદ નથી પરંતુ તેની વિગતો પંચનામામાં લખેલ હોવાનુ તેમણે જણાવેલુ છે, ૯૨ ચલણી નોટો કબજે કર્યાનુ કવર ખોલીને બતાવતા

તેમાંથી નિકળેલ પંચ સ્લીપ આંક–૧૪ થી, રૂા.૧૦/–ના દની ચલણી નોટો માંથી નિકળેલ પંચ સ્લીપ આંક–૧૫ થી, ડીપોઝીટ સ્લીપ આંક–૧૬ થી રજુ કરેલ છે. સદર સાહેદે આરોપીપક્ષ દ્વારા થયેલ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે પંચનામામાં સહીઓ આશરે ચાર થી પાંચ વાગ્યાના અરસામાં કરેલી, તેમણે સહી કરી તેના ૨,૩ કલાક પહેલા પોલીસ બેંકમાં આવેલી, તેમણે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે બધી સહીઓ તેમણે એક સાથે કરેલી, તેમણે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે તેમણે કોર્ટમાં જે કવર જોયુ તે સિલબંધ હાલતમાં હતુ તેવી જ સ્થિતિમાં તેમણે આ અગાઉ બેંકમાં કવર જોયેલુ. આમ આ સાહેદે જુબાની સમયે સિલબંધ કવર જોયેલુ તેવુ જ કવર તેજ હાલતમાં તેમણે બેંકમાં પણ જોયેલુ, તે જોતા બેંકમાં તેમની હાજરીમાં કરન્ટી નોટો ખોલીને તેમને બતાવેલ હોય અને તેની વિગતો પંચનામામાં લખેલી હોય અને તે કાર્યવાહી આ પંચ સાહેદની હાજરીમાં થયેલી હોય તેવુ આ પંચ સાહેદની જુબાનીથી ફલિત થતુ નથી.

(૧૪) આંક–૧૭ થી સાહેદ નં.૩ તરીકે પ્રાણજીવનભાઈ ગોરધનભાઈ પટેલને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ સચીન રસીકલાલ શાહની અંગજડતી માંથી મળી આવેલ નોટો કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ છે જે પંચનામુ આંક–૧૮ થી રજુ છે અને મુદ્દામાલ આર્ટીકલ નં.૪ માંથી નિકળેલ પંચ સ્લીપ આંક–૧૯ આપવામાં આવેલ છે. આ સાહેદ આંક–૧૮ ના પંચનામામાં પોતાની સહી સિવાયની મહત્વની વિગતોને સમર્થન કરતા ન હોવાથી તેમને ફરી ગયેલા જાહેર કરી અદાલતની પરવાનગીથી વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં પંચનામાની વિગતોને સમર્થન કરતા નથી. આમ આ પંચ સાહેદની જુબાનીથી

પંચનામાની વિગતો પુરવાર થતી નથી.

(૧૫) આંક–૨૦ થી સાહેદ નં.૪ તરીકે મિતા પ્રણવ દલીલને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ ૨૦૦૮ માં એચ.ડી.એફ.સી.મણીનગર બ્રાંચમાં કેશીયર તરીકે ફરજ બજાવતા હતા તે વખતે તેમની બ્રાંચના લોન એકાઉન્ટ હોલ્ડર સચીન શાહ આવેલા તેઓએ તેમના સહ કર્મચારી સબિતાબેનના કાઉન્ટર ઉપર કેશ આશરે અડતાલીસ હજાર જમા કરાવેલ, તે જમા કરાવેલ રકમમાં ઉપરની નોટો સાચી હતી નીચે ખોટી નોટો મુકવામાં આવેલી, આ ભરવામાં આવેલ નોટોનુ બંડલ રૂા. ૫૦૦/–ના દરનુ હતુ, સબિતાબેનને તે નોટો શંકાસ્પદ જણાતા તેઓએ આ નોટોનુ બંડલ આ સાહેદને બતાવેલ જેથી આ સાહેદ તથા પ્રશાંતભાઇ, યશવીર ભાઇએ આ નોટોનુ બંડલ યુ.વી.મશીનમાં ચેક કરતા તે નકલી હોવાનુ જણાઈ આવેલ, બંડલ માંની ૯૫–૯૬ ટકા નોટો નકલી હતી, આ નોટો નકલી હોવાની ખાત્રી થતા તેઓએ બ્રાંચના મેનેજર જતીન શાહને આ અંગે જાણ કરેલી, તેઓએ પણ યુ.વી.મશીનમાં નોટો ચેક કરીને ખાત્રી કરી નિયમ મુજબ જતીનભાઈએ હેડ ઓફીસમાં કલસ્ટર હેચ પર્લ સબાવાલાને જાણ કરેલી જેથી આ સાહેદ આ બંડલ લઈને નવરંગપુરા ખાતે ગયેલા ત્યાં જતા પહેલા બંડલમાં જે નોટો હતી તેના સીરીઝ નંબરની નોંધ કરેલી જેની એક કોપી તેઓએ રાખેલી, એક કોપી કલાઈન્ટને આપેલી અને બેંક હાઉસમાં ગયેલા ત્યાં પર્લ મેડમે નોટો ચકાસેલી ત્યારબાદ ચેસ્ટ હાઉસમાં જઈ નોટો ચકાસવામાં આવેલી, આર.બી.આઇ.ની ગાઈડ લાઈન્સ મુજબ દરેક કાઉન્ટર ફીટ કરન્સી નોટ પર તે નોટ કાઉન્ટર ફીટ હોવા અંગેનો સિક્કો મારવામાં આવેલો અને બ્રાંચ મેનેજરે તેઓની ટુંકી સહી

કરેલી અને પોલીસ ફરિયાદ કરવાની બ્રાંચ મેનેજરને સુચના આપેલી જેથી જતીનભાઇએ આ અંગે પોલીસ ફરિયાદ કરેલી, પોલીસે તેમની પુછપરછ કરેલી, તેમણે રૂા.૫૦૦/- ના દરની નોટોનુ બંડલ હાલ ઓળખી શકે તેમ ન હોવાનુ જણાવેલુ છે.

સદર સાહેદે આરોપીપક્ષ દ્વારા થયેલ ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે કે સામાન્ય રીતે તેમના કામકાજના કલાક સવારના સાડા નવ થી સાંજના સાડા સાત હોય છે, બનાવના દિવસે તેણી સાડા સાત પહેલા ઘરે ગયેલ નહીં, તેમને મીઠાખળી જઇને પાછા આવવામાં દોઢ કલાક થી વધારે સમય થયેલો, તેમણે ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે જે વ્યકિત બેંકમાં પૈસા ભરવા આવેલ તેઓ આ સાહેદ મીઠાખળી જઇને પાછા આવ્યા ત્યારે પણ બેંકમાં હાજર હતા. આમ આ કામના આરોપીને કાઉન્ટફીટ કરન્સી નોટો હોવાની જાણ હોવા છતાં પણ તેઓ બેંકમાંથી ભાગેલા ન હતા કે બેંકમાંથી ગયેલા ન હતા કે તેઓએ તેવો કોઈ પ્રયત્ન ન કરેલાનુ સ્પષ્ટપણે જણાઇ આવે છે. આ સાહેદે કબુલ કરેલ છે કે એ દિવસે પ્રથમ વાર પોલીસને મળવાનો પ્રસંગ બનેલો તેમની સાથે જતીનભાઇ, પ્રશાંતભાઇ અને અન્ય ૨,૩ સ્ટાફના માણસો હતા, સબિતાબેને સૌપ્રતમ નોટો ખોટી હોવાની જાણ કરી અને તેઓ મીઠાખળી ગયા તે વચ્ચે કેટલો સમય હતો તે તેમને હાલ યાદ ન હોવાનુ જણાવે છે, તેણીએ જણાવેલ છે કે પોલીસે બનાવ સબંધે બનાવના દિવસે પુછપરછ કરી ત્યારબાદ પોલીસને આ બનાવ સબંધે મળવાનો કે જોવાનો પ્રસંગ બનેલ નહીં, આ નોટો બ્રાંચ ઓફીસ થી હેડ ઓફીસ લાવ્યા અને પાછી લઇ ગયા તે વખતે આ નોટો સિલબંધ કવરમાં પેક કરવામાં

આવેલ કે કેમ તે હાલ તેઓને યાદ ન હોવાનુ જણાવે છે, તેમણે ઉલટ તપાસમાં એમ પણ સ્વીકારેલ છે કે પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમણે "નીચે ખોટી નોટો મુકવામાં આવેલ" તે હકીકત લખાવેલ નથી. તેમણે ઉલટ તપાસમાં એમ પણ સ્વીકારેલ છે કે પોલીસ રૂબરૂમાં નિવેદનમાં તેમણે એવી હકીકત લખાવેલ કે સચિન રસીકભાઇ શાહે એચડીએફસી બેંકમાંથી તા.૨૭-૭-૨૦૦૭ ના રોજ ઓર્નામેન્ટ લોન ૯૦ દિવસ માટે લીધી હતી તે લોન રીન્યુઅલ પ્રકારની હોય તેઓ દર ૯૦, ૯૦ દિવસોએ રીન્યુ કરાવે છે અને છેલ્લે તા.૨૮-૮-૨૦૦૮ ના રોજ આ લોન ૯૦ દિવસ માટે રીન્યુ કરાવેલ છે, જયારે લોન રીન્યુ થાય ત્યારે ત્યારે તેના એકાઉન્ટ નંબર બદલાતા હોય છે. આમ આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ થાય છે કે આરોપીની ઓર્નામેન્ટ લોનનુ ખાતુ એચ.ડી.એફ.સી. બેંકની મણીનગર શાખામાં હતુ, વખતો વખત તે લોન રીન્યુ કરવામાં આવતી હતી. વળી આ સાહેદે જે બનાવટી ચલણી નોટો તે દિવસે જોયેલી તે જુબાની દરમ્યાન ઓળખી બતાવેલ નથી. વળી આ કામે જયારે ચલણી નોટો હેડ ઓફીસે અને બ્રાંચમાં લઇ જવામાં આવેલ તે નોટો કવરમાં મુકી સિલ કરવામાં આવેલ કે કેમ? તે તેઓ જણાવી શકે તેમ નથી. આ પ્રકારેની ચલણી નોટો સિલ કર્યા વિના લઇ જવામાં આવે તો તેમાં ચેડા થવાની શકયતા રહેલી છે. વળી તે દિવસે જે નોટો હતી તે જ નોટો હેડ ઓફીસે અને બ્રાંચમાં લઇ જવામાં આવેલ તે અંગે પણ શંકા ઉદ્ભવે છે. વળી હેડ ઓફીસ અને બ્રાંચ ઓફીસ તરફથી આ નોટો કાઉન્ટર ફીટ હોવા બાબતે કોઇ અભિપ્રાય આપવામાં આવેલ હોય તેવો કોઇ લેખિત અભિપ્રાય પણ આ કામે રજુ થયેલ નથી.

(૧૬) આ કામે આંક–૨૧ થી સાહેદ નં.૫ તરીકે સુશાંતો વિશ્વરંજન દત્તાને સોગંદ ઉપર તપાસેલા છે જેઓ ૨૦૦૮ ના વર્ષમાં એચ.ડી.એફ.સી.બેંક મણીનગર શાખામાં ગોલ્ડ લોન વિભાગમાં ડેપ્યુટી મેનેજર તરીકે ફરજ બજાવતા હતા, તેમણે સાહેદ મિતાબેને સરતપાસમાં જણાવેલ હકીકતો પોતાની સર તપાસમાં જણાવેલ છે. વળી આ સાહેદની જુબાની જોવામાં આવે તો આરોપી તેમની ગોલ્ડ લોન ભરપાઇ કરવા ગયેલા અને સ્લીપ ભરીને પહેલા માળે કેશીયર કાઉન્ટર ઉપર ગયેલા પછી નીચે આવીને આ સાહેદને જણાવેલ કે "મેં લોન ભરપાઇ કરવા માટે સબિતાબેનને સ્લીપ મુજબના મારી પાસેના રૂા.૫૦૦/– ના દરની ૯૭ ચલણી નોટો તથા રૂા.૧૦/–ના દરની એક નોટ આપતા તેઓએ તે ચેક કરતા ૯૭ પૈકીની ૯૨ નોટો ખોટી હોવાનુ જણાવેલ જેથી કેશીયરને વાત કરો" તેવુ જણાવેલ. આમ આ કામના આરોપીએ જાતે આ સાહેદ પાસે જઇને તેમણે લોન પેટે ભરેલી રકમમાં રૂા.૫૦૦/–ના દરની નોટો ખોટી હોવાનુ જણાવેલુ છે. જે જોતા આરોપીને નોટો ખોટી હોવા બાબતે પ્રથમ થી જ જાણકારી હોય તેવુ આ સાહેદની જુબાનીથી જણાઇ આવતુ નથી. જો આવી ખોટી નોટો ઈરાદાપૂર્વક આરોપીએ લોનની રકમ ભરવા પેટે લઇને આવેલા હોય તો નોટો ખોટી હોવાનુ કેશીયરે જણાવતા તેઓ ખોટી નોટો લઇને ત્યાંથી નિકળી ગયેલા હોત અને આ સાહેદને કે બીજા કોઇ વ્યકિતને નોટો ખોટી છે તેવુ કહેવા પણ રોકાયેલા ન હોત. આમ આ સાહેદે સોગંદ ઉપરની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તે જોતા આરોપીને આ બનાવટી ચલણી નોટો છે તેવી માહીતી પ્રથમ થી જ હતી તેવુ જણાઇ આવતુ નથી. વળી આ સાહેદે આરોપીને ખોટી

નોટો હોય તો તેની તેઓ તપાસ કરશે તેમ કહેતા આરોપી પાછા પ્રથમ માળે ગયેલા, તે પછી બેંક મેનેજર જતીનભાઇ પાસે ગયેલા અને આ અંગેની જાણ જતીનભાઇએ ઉપરી અધિકારીને કરેલી. આમ આરોપીની વર્તણુંક જોવામાં આવે તો આરોપીને આ સાહેદે ઉપર જઇ વાત કરવાનુ જણાવતા તેઓ બેંકના મેનેજર જતીનભાઇને મળેલા, બેંકના મેનેજર જતીનભાઇએ તેમના ઉપરી અધિકારીને વાત કરેલી. આમ આ સાહેદની જુબાનીથી પણ આરોપીની વર્તણુંક અંગે સ્પષ્ટ પુરાવો જોવા મળે છે. આ કામના આરોપીને પ્રથમથી જ આ નોટો ખોટી હોવાની જાણ હોવાનુ ફલિત થતુ નથી. આ સાહેદે બેંક મેનેજરને મળવાનુ કહેતા આરોપી બેંક મેનેજરને પણ મળેલા છે અને તેમને ત્યાંથી ભાગવાનો કે નોટો પોતાની ન હોવાનો આરોપીએ કોઇ ઇન્કા કરેલો નથી. આમ આરોપીને પ્રથમ થી જ નોટો નકલી હોવા બાબતે જાણ હતી તેવુ આ સાહેદની જુબાનીથી ફલિત થતુ નથી. વળી આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમને બનાવના દિવસે પોલીસને મળવાનુ થયેલુ નહીં.

(૧૭) આંક-૨૨ થી સાહેદ નં.૬ તરીકે ચંદ્રકાંત મણીલાલ સોનીને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ એચ.ડી.એફ.સી.બેંક મણીનગર ખાતે ૨૦૦૮ ના વર્ષમાં વેલ્યુએશનનુ કામકાજ કરતા હતા, તેમણે ટેબલ ઉપર બેઠા હતા ત્યારે ગ્રાહકોમાં ચર્ચા ચાલતી હતી કે પૈસા ખોટા હોવાની મગજમારી ચાલતી હતી, ગ્રાહક કોણ હતુ તે તેમને ખબર ન હતી, કેટલા પૈસા ખોટા હતા તે પણ તેમને ખબર ન હતી. આ સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદનની હકીકતોને સમર્થન કરતા ન હોવાથી તેમને અદાલતની પરવાનગીથી ફરી ગયેલા જાહેર કરી એડી.પી.પી. દ્વાર

વિગતવાર ઉલટ તપાસ કરવા છતાં કેસને સમર્થન કરેલુ નથી.

(૧૮) આંક–૨૪ થી સાહેદ નં.૭ તરીકે જતીનભાઇ પ્રફુલભાઇ શાહને સોગંદ ઉપર તપાસેલા છે તેઓ ૨૦૦૦ થી એચ.ડી.એફ.સી.બેંકમાં ફરજ બજાવે છે, ૨૦૦૭–૨૦૦૮ માં મણીનગર બ્રાંચમાં મેનેજર તરીકે ફરજ બજાવતા હતા, મિતાબેને સરતપાસમાં જણાવેલ હકીકતો સાહેદે તેમની સરતપાસમાં જણાવી છે, તેમણે આપેલ ફરિયાદ આંક–૨૫ થી રજુ છે, બોગસ ચલણી નોટોનુ લિસ્ટ આંક–૨૬ થી રજુ છે. સદર સાહેદે આરોપીપક્ષ દ્વારા થયેલ ઉલટ તપાસમાં જણાવેલ છે કે બનાવના દિવસે મીઠાખળી શાખામાં તેઓ જાતે ગયેલા કે કેમ તે હાલ યાદ નથી, સાહેદે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે બનાવના દિવસે બપોરે પોલીસને તેમની શાખામાં જોયેલા, તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે પોલીસે તેમની બ્રાંચમાં આવીને તેમની હાજરીમાં કર્ચમારીઓની પુછપરછ કરેલી. આમ આ સાહેદે જે ફરિયાદ આપેલ છે તે મુજબની વિગતો તેમણે જણાવેલ છે.

(૧૯) આંક–૩૭ થી સાહેદ નં.૮ તરીકે સુરેન્દ્રસિંગ અનોખેસિંગ ચૌહાણને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓ એચ.ડી.એફ.સી.બેક, મણીનગર ખાતે સિક્યુરીટી તરીકે નોકરી કરતા હતા તેમને વાતચિત માંથી ડુપ્લીકેટ નોટો આવી છે તેવુ જાણેલુ, તે નોટો કયા દરની હતી, કોણે રજુ કરેલ તે તેમને ખબર નથી. ઉલટ તપાસમાં તેમણે સ્વીકારેલ છે કે તેમની હાજરીમાં પોલીસ વાળા એક થી ત્રણ કલાક રોકાયેલા, પોલીસ વાળાએ બધાની પુછપરછ કરેલી. આ સાહેદની જુબાનીથી કોઇ ફળદાયી, લાભદાયી હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી.

(૨૦) આંક–૩૮ થી સાહેદ નં.૯ તરીકે સબીતા સૈજુ મોટ્ટતને સોગંદ ઉપર

તપાસેલા છે તેઓ ૨૦૦૮ માં એચ.ડી.એફ.સી. બેંક મણીનગર શાખામાં કેશીયર તરીકે નોકરી કરતા હતા, તેમના કાઉન્ટર ઉપર એક કસ્ટમર સચીનભાઇ આવેલા તેમણે કેશ ડીપોઝીટ કરેલ જે રકમ તેમને આપેલી તેમાં પાંચસોના દરની નોટો આપેલી તેમાં ઉપરની એક, બે નોટો બરાબર હતી પછીની નોટો શંકાસ્પદ લાગેલ, તે નાણા તેમણે ઉપરી અધિકારીને આપેલ તેમણે આગળની કાર્યવાહી કરેલી, તેમના ઉપરી અધિકારીએ તે નોટો તેમની ઉપરની ઓફીસમાં ચેક કરાવી આગળની કાર્યવાહી કરેલી, તેમની હેડ ઓફીસથી રીપોર્ટ આવેલ કે જે નોટો શંકાસ્પદ લાગેલ તે બનાવટી ચલણી નોટો હતી, તેઓ મુદ્દામાલ નોટો ઓળખી શકે તેમ હોવાનુ જણાવે છે.

સદર સાહેદની ઘનિષ્ઠ ઉલટ તપાસ આરોપીપક્ષે કરવામાં આવેલ છે. તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેમના બ્રાંચ મેનેજરની કેબીનમાં પોલીસ ગયેલી, તેઓ બેંકમાં હાજર હતા તે દરમ્યાન બ્રાંચ મેનેજરની કેબીનમાં પોલીસ બે કલાક રોકાયેલી, આ પોલીસમાં બે પોલીસ હતી અને પોલીસ હતી ત્યારે બેંકના બાકીના કસ્ટમર આવન, જાવન કરતા હતા અને બેંકના કસ્ટમર સિવાય બીજા લોકોની આવન, જાવન થતી હતી. સાહેદે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે મુદ્દામાલ આર્ટીકલ નં.૧ વાળી નોટો ઉપર તેમના હસ્તાક્ષર નથી. આમ આ નોટો કેટલી હતી તે અંગે તથા નોટોના નંબર અંગે આ સાહેદે કાંઇ પણ પોતાની જુબાની દરમ્યાન જણાવેલ નથી જેથી પણ ફરિયાદપક્ષને કોઇ સમર્થન કારી પુરાવો જણાઇ આવતો નથી.

(૨૧) આંક–૩૯ થી સાહેદ નં.૧૦ તરીકે ભઇજીભાઇ અમરસિંહ ડાભીને

સોગંદ ઉપર તપાસેલા છે જેઓ એચ.ડી.એફ.સી.બેંકના મેનેજર જતીનભાઈ પ્રફુલભાઈ શાહે જે ફરિયાદ આપેલ છે તે તેમના રૂબરૂની છે, આંક–૨૫ વાળી ફરિયાદમાં રૂબરૂ તરીકે સાહેદ પોતાની સહી ઓળખી બતાવે છે. આરોપીપક્ષ દ્વારા થયેલ ઉલટ તપાસમાં સાહેદ કબુલ કરે છે કે બનાવના દિવસે તેમને ફરિયાદ વાળી બેંકમાં જવાનુ થયેલ ન હતુ, આંક–૪૦ વાળા ચાર્જ અમલદારના રીપોર્ટમાં જે ગુનાના જાણના સમયનુ કોલમ છે તેમાં પેન થી લખેલ છે તે બાબતે તેઓ જણાવે છે કે છાપેલુ ફોર્મ હતુ જેથી ગુનાની જાણનો સમય હાથેથી લખેલો છે, આ ગુનાનો સમય લખાયો તેના કેટલા સમય પહેલા ફરિયાદીની પુછપરછ પુરી થઈ હતી તે તેમને ખબર નથી. તેમણે એમ પણ સ્વીકારેલ છે કે "નોટ ભરવા આવેલ વ્યકિત તે નોટો ખોટી હોવાનુ જાણવા છતાં જે લખ્યુ છે તે અમોએ અમારા પી.આઇ. ત્રિવેદીની સુચનાથી લખેલ છે" આમ પી.આઇ. ત્રિવેદીએ મૌખિક સુચના આપતા ઉપરોકત હકીકત ફરિયાદમાં લખેલ હોવાનુ જણાઈ આવે છે. વળી ફરિયાદીએ આ હકીકત લખાવેલ હોય તેવુ આ સાહેદની જુબાનીથી ફલિત થતુ નથી જેથી પણ આરોપી નોટો ખોટી હોવાનુ પ્રથમથી જ જાણતા હતા તેવુ ફલિત થતુ નથી. સાહેદે વધુમાં પોતાની સરતપાસમાં એફ.એસ.એલ.પત્ર આંક–૫૯ થી, એફ.એસ.એલ.અહેવાલ આંક–૬૦ થી, મુદ્દામાલ રવાનગી નોંધ આંક–૬૧ થી, એફ.એસ.એલ.પહોંચ આંક–૬૨ થી, કમલભાઈ ગુલાબભાઈ જૈનના મકાનનુ જડતી પંચનામુ આંક–૬૩ થી, વિશાલ મહાદેવભાઈના મકાનનુ જડતી પંચનામુ આંક–૬૪ થી રજુ કરેલ છે. વળી આ સાહેદે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તા.૨૬–૧૨–૨૦૦૮ પછી તેમને આ ગુનામાં સિધી કે આડકતરી રીતે

તપાસ કરવાની કોઇ ભુમિકા રહેલ ન હતી, અઢી વાગ્યે ફોન આવ્યો તેવુ સર તપાસમાં જણાવેલ તે બાબતે કોઇ વર્ધી લખાવવાનો કોઇ પ્રસંગ બનેલો નહીં. તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે સામાન્ય પણે વર્ધી આવે તો પી.એસ.ઓ. ને લખવાની હોય છે, તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે જયારે બેંક માંથી મેસેજ આવ્યો ત્યારે ફરજ ઉપરના પી.એસ.ઓ. તેમની સાથે ન હતા, તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે પોલીસ સ્ટેશનમાં કોઇને કોઇ અધિકારી પી.એસ.ઓ.ની ફરજ ઉપર હાજર હોય છે. આમ આ કામના આ સાહેદને આ ગુના કામે તપાસ કરવાનો કોઇ પ્રસંગ બનેલ ન હતો અને તેઓએ માત્ર ફરિયાદ લીધી હતી. આમ જોવામાં આવે તો તપાસની કાર્યવાહી અંગે આ સાહેદને કોઇ જાણકારી ન હતી તથા આ સાહેદે કોઇ તપાસ કરેલ ન હોવાનુ ફલિત થાય છે.

(૨૨) આંક–૪૨ થી સાહેદ નં.૧૧ તરીકે તરૂણ બછરાજ છાજેડને સોગંદ ઉપર તપાસેલા છે, તેઓની જુબાની જોતા તેઓ ૨૦૦૯ ના આરસામાં ન્યુ કલોથ માર્કેટ ખાતે વેપાર કરતા હતા અને નવરંગપુરા ખાતે રહેતા હતા તે અરસામાં હીરાલાલ પ્રજાપતિ અને દીલીપ ચીંડાલીયા નોકરી કરતા હતા, ૨૬–૧૨–૨૦૦૮ ના રોજ એચડીએફસી મણીનગર બેંકમાં સચીન રસીકલાલ શાહ લોન ભરવા ગયેલા અને તેમણે બેંકમાં રજુ કરેલ રૂા.૫૦૦ ના દરની ૯૨ તથા તેમના કબજાની ૫૦૦ ના દરની ત્રણ નોટો મળી કુલ ૯૫ ચલણી નોટો ખોટી બતાવી કબજે કરવામાં આવેલી, આ ખોટી ચલણી નોટો સચીનભાઇને કમલભાઇ જૈને આપેલી જેઓ કાગડાપીઠ દિવાન બલ્લુભાઇ સ્કુલ સામે વાણીજય ભવન, ત્રીજા માળ ખાતે કાપડનો કમીશન એજન્ટનો વેપાર ધંધો કરે છે અને આ સાહેદ તેમને

ત્રણ, ચાર વર્ષથી ઓળખે છે, તેઓની સાથે ધંધાકીય વ્યવહાર હોવાથી એકબીજાને મદદ કરતા હોવાનુ જણવેલ છે તેઓ ૨૫–૧૨–૨૦૦૮ ના રોજ કલકત્તા ગયેલા તે વખતે ૨૬–૧૨–૨૦૦૮ ના રોજ તેમની ઓફીસમાં કામ કરતા કાંતીભાઇનો ફોન આવેલો અને જણાવેલ કે દોઢ લાખની જરૂર છે તમો વ્યવસ્થા કરી આપો જેથી તેમણે તેમના મિત્ર નરેન્દ્રભાઇ કેશવાણી કે જેઓ સી.એ.નુ કામ કરતા હોય તેમને ટેલીફોનીક જાણ કરેલી અને ત્યારબાદ વાણીજય ભવન ખાતે ઓફીસ ધરાવતા કમલભાઇ જૈનનો ટેલીફોન આવેલો તેમણે જણાવેલ કે તેમને તાત્કાલીક દોઢ લાખની જરૂર પડેલ છે તો મોકલી આપો જેથી આ સાહેદે કલકતા ખાતેથી પોતાની ઓફીસમાં કામ કરતા કાંતીભાઇને પુછેલ કે નરેન્દ્રભાઇએ પૈસા મોકલી આપેલ કે કેમ તો તેઓએ જણાવેલ કે નરેન્દ્રભાઇએ દોઢ લાખ મોકલી આપેલા છે જેથી આ સાહેદે કાંતીભાઇને જણાવેલ કે આ તમામ રકમ વાણીજય ભવન ખાતે કમલભાઇની ઓફીસે પહોંચાડી દેશો, કાંતીભાઇનો ફોન આવેલ કે કમલભાઇની ઓફીસે દોઢ લાખ મોકલી આપેલ છે ત્યાર બાદ બપોરના કમલભાઇનો ફોન આવેલો અને જણાવેલ કે તમોએ તમારા માણસ સાથે દોઢ લાખની રકમ હાથ ઉછીની મોકલી આપેલ તેમાંથી સાંઇઠ હજાર વેપારી સચીન રસીકલાલ શાહને આપેલા અને તેઓ એચડીએફસી મણીનગર ખાતે ગોલ્ડ લોનના નાણા ભરવા જતા રૂા.૫૦૦ ના દરની નોટો ખોટી હોવાનુ જણાવેલ અને તેમણે જણાવેલ કે બીજા નેવુ હજારની રોકડ આવેલ છે તે રકમ પરત મોકલી આપે છે અને આ સાહેદે તેમના માણસ કાંતીલાલને ફોન કરી કમલભાઇ પાસેની રકમ પાછી લેવા જણાવેલુ, આમ આ સાહેદની જુબાની જોતા તેમના માણસે

કમલભાઈ જૈનને આ નાણા આપેલા જે નાણા કમલભાઈ જૈને આરોપી સચીનભાઈને ગોલ્ડ લોન ભરવા માટે આપેલા, આમ આપેલ નોટો બનાવટી કે ખોટી નોટો હોવાનુ કમલજૈન કે આરોપી સચીન રસીકલાલ શાહ જાણતા હોવાનુ આ સાહેદની જુબાની ઉપરથી ફલિત થતુ નથી. આ સાહેદે જે સોગંદનામુ કરેલ હતુ જે સોગંદનામુ આંક-૪૩ થી અને સી.આર.પી.સી.કલમ-૧૬૪ મુજબનુ નિવેદન આંક-૪૪ થી રજુ કરેલ છે, આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેમને બાકીના નેવુ હજાર પોલીસને આપવા પડે તેવી સુઝ પડેલ ન હતી. આમ આ સાહેદની જુબાની જોતા મુદ્દામાલની ચલણી નોટો બનાવટી હોવાનુ આ સાહેદની જાણમાં હોય તેવુ ફલિત થતુ નથી.

(૨૩) આંક-૪૫ થી સાહેદ નં.૧૨ તરીકે રાજેશ કાંજીભાઈ જૈનને સોગંદ ઉપર તપાસેલા છે. આ સાહેદે પણ તરૂણભાઈ છાજેડે સરતપાસમાં જણાવેલ હકીકતોને પોતાની સરતપાસમાં જણાવેલ છે. આ સાહેદની જુબાનીમાં તેઓનુ સી.આર.પી.સી.કલમ-૧૬૪ નુ નિવેદન આંક-૪૬ થી રેકર્ડ ઉપર લેવામાં આવેલ છે. આ સાહેદે ઉલટ તપાસમાં જણાવેલ છે કે નરેન્દ્રભાઈએ નોટો પરત આપેલી ત્યારે તેમને તે નોટો પોલીસમાં આપવાની સુઝ પડેલી ન હતી, આમ આ સાહેદની જુબાની જોતા પણ મુદ્દામાલની નોટો બનાવટી અને ખોટી હોવાનુ તેઓ પ્રથમથી જાણતા હતા અને તે જાણકારી સાથે બનાવટી નોટો નરેન્દ્રભાઈને તથા આરોપી સચિનભાઈને આપેલ હોવાનુ ફલિત થતુ નથી.

(૨૪) આંક-૪૭ થી સાહેદ નં.૧૩ તરીકે દીપક રામચંદ ચંદાનીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પણ સાહેદ તરૂણભાઈ છાજેડ અને સાહેદ રાજેશ

કાંજીભાઇ જૈને સરતપાસમાં જણાવેલી હકીકતોને પોતાની સરતપાસમાં જણાવેલ છે. આ સાહેદે નરેન્દ્રભાઇ અને રાજેશભાઇને મળીને કુલ્લે ત્રણ લાખ આપેલા અને તેમણે તે ત્રણ લાખ પૈકી બે લાખ સીતેર હજાર પુરા રાજેશભાઇ પાસેથી અને પચાસ હજાર વિશાલભાઇ પાસેથી લીધેલા, આ સાહેદનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ નુ નિવેદન આંક–૪૮ થી રજુ છે. આ સાહેદની ઉલટ તપાસ જોવામાં આવે તો તેઓએ ઉલટ તપાસમાં પણ સાહેદ રાજેશભાઇ જૈન અને તરૂણભાઇ છાજેડે જણાવેલ હકીકત દોહરાવી છે. આ સાહેદની જુબાની જોતા મુદ્દામાલની નોટો ખોટી અને બનાવટી હતી તેવુ ફલિત થયેલ નથી.

(૨૫) આંક–૪૯ થી સાહેદ નં.૧૪ નરેન્દ્ર કનૈયાલાલ ખેસકાણીને સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ પણ સાહેદ તરૂણ છાજેડ, રાજેશ જૈન, દીપક રામચંદ ચંદાણીએ સરતપાસમાં જણાવેલી વિગતો પોતાની સરતપાસમાં અને ઉલટ તપાસમાં જણાવી છે. તેમની જુબાની જોતા રાજેશભાઇ અને દિપક ચંદાણીએ બુક કરાવેલ ફલેટે પેટે રૂા.પાંચ લાખ આપેલા જે નાણા માંથી આ સાહેદે તેમના મિત્ર તરૂણ છાજેડને પૈસાની જરૂર પડતા દોઢ લાખ આપેલા ત્યારબાદ તેઓએ ગાંધીધામ જવા કામથી નિકળેલા ત્યારે રસ્તામાં તરૂણભાઇનો ફોન આવેલ કે તમોએ આપેલા નાણા બરાબર નથી જેથી તરૂણભાઇએ નેવુ હજાર પાછા આપી દીધેલા અને ત્યારબાદ આ સાહેદે રાજેશ જૈનને બોલાવી તેમની કેશ રકમમાંથી ચાર લાખ ચાલીસ હજાર પરત કરેલા. આ સાહેદની સરતપાસ અને ઉલટ તપાસ જોતા તેમણે રાજેશ ભાઇએ જે નાણા આપેલા તે નાણા પૈકીની ચલણી નોટો બનાવટી અને ખોટી હોવાની તેમની જાણકારી હતી તે જાણકારી સાથે તે નાણા

માંથી તરૂણ છાજેડને નાણા આપેલા હોય તેવુ ફલિત થતુ નથી. આંક–૫૦ થી તેઓનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ નુ નિવેદન રજુ છે જેમાં તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલી હકીકતો જણાવેલી છે.

(૨૬) આંક–૫૧ થી સાહેદ નં.૧૫ તરીકે કમલભાઇ ગુલાબચંદ જૈનને સોગંદ ઉપર તપાસેલા છે. તેમણે પોતાની સરતપાસમાં સાહેદ તરૂણભાઇ છાજેડ, સાહેદ રાજેશ કાંજીભાઇ જૈન, સાહેદ દીપક રામચંદ ચંદાની, સાહેદ નરેન્દ્ર કનૈયાલાલ ખેસકાણીએ પોતાની સરતપાસ અને ઉલટ તપાસમાં જણાવેલ વિગતોને સમર્થન આપેલ છે અને તેમનુ સી.આર.પી.સી.કલમ–૧૬૪ નુ નિવેદન આંક–૫૨ થી રજુ કરેલ છે. આમ આ સાહેદની જુબાની જોતા તેમણે આરોપી સચિન રસીકલાલ શાહને જે નાણા આપેલા તે પૈકી રૂા.૫૦૦ ના દરની નોટો બનાવટી હોવાનુ તેમની જાણકારીમાં હોવાનુ અને આ જાણકારી સાથે તેમણે આરોપી સચિન રસીકલાલ શાહને આ નાણા આપેલાનુ ફલિત થતુ નથી.

(૨૭) આંક–૫૩ થી સાહેદ નં.૧૬ તરીકે તપાસ કરનાર અમલદાર બાબુભાઇ લીલાભાઇ દેસાઇને તપાસેલા છે. તેઓએ પોતે કરેલ તપાસનો ચિતાર જુબાની સ્વરૂપે રજુ કરેલો છે તેમણે બનાવટી નોટો ચકાસણી માટે લખેલ યાદી આંક–૫૪, આરોપીના રહેણાંક મકાનની જડતી અંગેનુ પંચનામુ આંક–૫૫ થી, એચ.ડી.એફ.સી. બેંકને લખેલ પત્ર આંક–૫૬ થી રજુ કરેલ છે. આ સાહેદની ધનિષ્ઠ ઉલટ તપાસ આરોપી તર્ફે કરવામાં આવેલી છે. ઉલટ તપાસમાં તેમણે સ્વીકારેલ છે કે તપાસ દરમ્યાન તેમને એચ.ડી.એફ.સી.બેંકમાં જવાનુ થયેલુ, રીમાન્ડ અરજીમાં તેમણે કમલ જૈનના નામનો ઉલ્લેખ હોવાનુ સ્વીકારેલ છે,

આરોપી સચીનભાઇએ કમલ જૈન પાસેથી મુદ્દામલાની નોટો મેળવેલી તેવુ તેમને તપાસમાં જણાયેલુ, તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલુ છે કે કમલ જૈન આ કામના આરોપી નથી, તેમણે ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે તેમની તપાસમાં ખુલેલુ કે આરોપી, કમલ જૈન પાસેથી ચલણી નોટો લઇને સીધા જ એચ.ડી.એફ.સી. બેંકમાં ગયેલા. આમ આ કામના આરોપી સચિન રસીકલાલ શાહ કમલ જૈન પાસેથી નાણા લઇને સીધા જ એચ.ડી.એફ.સી. બેંકમાં ગોલ્ડ લોનના નાણા ભરવા માટે ગયેલાનુ ફલિત થાય છે. રીમાન્ડ અરજીમાં આરોપીએ કમલ જૈન પાસેથી મુદ્દામાલ વાળી ચલણી નોટો લઇને એચ.ડી.એફ.સી. બેંક મણીનગર ગયા ત્યાં સુધી તે નોટો ખોટી છે તેવી તેમને જાણકારી હતી તેવુ નથી. તે જોતા આરોપી સચિન રસીકલાલ શાહને કમલ જૈન પાસેથી નાણા લઇને એચ.ડી.એફ.સી. બેંક મણીનગરમાં ભરવા ગયા ત્યાં સુધી આ નોટો બનાવટી અને ખોટી હોવાની તેમને જાણકારી હતી તેવુ ફલિત થતુ નથી.

(૨૮) આ કામે રેકર્ડ ઉપર આવેલો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેવામાં આવે તો આ કામના આરોપી કમલ જૈન પાસેથી પોતાની લોનના નાણા ભરવા માટે પૈસા લાવેલા હતા અને તેમને ત્યાંથી પૈસા લઇને તુરન્ત જ બેંકમાં ગયેલા, આ કામના આરોપી કમલ જૈન પાસેથી નાણા લાવેલા તેઓ પણ આ નાણા રાજેશ જૈન પાસેથી લાવેલા, આમ આ કામના આરોપી જયારે કમલ જૈન પાસેથી પોતાની લોનની રકમ ભરવા માટે નાણા લાવેલા તે વખતે તેમને મુદ્દામાલની ચલણી નોટો બનાવટી અને ખોટી હતી તેવી જાણકારી હતી તેવુ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વળી આ કામે સમગ્રપણે રેકર્ડ જોવામાં

આવે તો આરોપી મુદ્દામાલના નાણા બેંકમાં જમા કરાવવા ગયા ત્યારે તે નોટો ખોટી હોવાનુ કેશીયરે જણાવતા તેઓ મેનેજર પાસે જાતે જઇને તે અંગેની માહીતી આપેલી અને તેઓનુ માર્ગદર્શન માંગેલ. વળી આ મુદ્દામાલની ચલણી નોટો હેડ ઓફીસે તપાસ માટે અને ચકાસણી માટે મોકલવામાં આવેલ ત્યારે પણ નોટો સીલ કરેલ નથી કે સિઝ કરેલ નથી, ઉપરોકત સમય દરમ્યાન પણ આરોપી બેંકમાં જ રોકાયેલા હતા અને આરોપી આ ચલણી નોટો ખોટી હોવાની જાણ થતા ત્યાંથી ભાગેલા નહીં કે તેમણે ત્યાંથી નાશી જવાનો કોઇ પ્રયત્ન કરેલ હોય તેવુ પણ જણાઇ આવેલ નથી. આમ આ કામના આરોપીની વર્તણુંક જોતા પણ તેમને મુદ્દામાલની ચલણી નોટો ખોટી અને બનાવટી હોવાનુ જ્ઞાન હતુ તેવુ જણાઇ આવતુ નથી. વળી આ કામના આરોપીને શરૂઆતથી જ મુદ્દામાલની ચલણી નોટો ખોટી અને બનાવટી હતી અને તેઓએ આ ખોટી અને બનાવટી ચલણી નોટો ચલાવવા માટે આરોપીએ આ હકીકત છુપાવીને બેંકમાં તે નોટો ભરી હોય તેવુ પણ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ આ કામના આરોપીના ગુન્હાહીત માનસિકતા હોવાનુ પણ રેકર્ડ ઉપરથી પુરવાર થતુ નથી. આ કામના આરોપીને કમલ જૈને મુદ્દામાલની ચલણી નોટો આપેલી તે ચલણી નોટોના નાણા બનાવટી અને ખોટી હોવાની કમલ જૈનને પણ જાણકારી ન હતી તેઓ પણ બીજી વ્યકિત પાસેથી નાણા લઇને આરોપીને તથા અન્ય એક વ્યકિતને આપેલા હતા, આમ આ કામના આરોપીને કમલ જૈને જે નાણા આપેલા તે નાણા લઇને આરોપી સીધા જ પોતાની લોન ભરવા માટે આવેલા તે નાણા પૈકીની ૫૦૦ ના દરની ચલણી નોટો ખોટી અને બનાવટી હતી તેવી આરોપીને જે તે સમયે

જાણકારી ન હતી અને આરોપીને તે નોટો ખોટી અને બનાવટી હોવાનુ માનવાને કોઈ કારણ પણ ન હતુ. વળી આ કામના આરોપીએ આવી ખોટી અને બનાવટી ચલણી નોટો ચલાવવા માટે કોઈ લેવડ, દેવડ કરેલ હોય તેવુ પણ જણાઈ આવતુ નથી. વળી આ કામે સમગ્રપણે પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે કુમાર જૈને આરોપીને નાણા લોન ભરવા માટે આપેલા તે પૈકી મુદ્દામાલની ૫૦૦ ના દરની ચલણી નોટો ખોટી હોવાનુ જણાવેલ હોય કે આ નોટો ખોટી ખોટી છે તેવુ આરોપીની જાણકારીમાં હોય અને ખોટી નોટો આરોપીએ પોતાના કબજામાં સાચી નોટો તરીકે ઉપયોગ કરવા સારૂ રાખેલ હોય તેવુ પણ ફરિયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. વળી આ કામે સમગ્રપણે આરોપીના વર્તણુંક બનાવ સમયેની જોવામાં આવે તો આરોપીને કેશીયરે મુદ્દામાલની ચલણી નોટો ખોટી હોવાનુ જણાવવા છતા આરોપીએ ત્યાંથી બચવા માટે ભાગવાનો કોઈ પ્રયત્ન કરેલ હોય કે તે કાર્યવાહીમાં અંતરાય કરવાનો પણ કોઈ પ્રયત્ન કરેલ નથી અને આરોપીએ સંપૂર્ણપણે સહકાર આપી પોતાની ફરજ નિભાવેલ છે. આમ આ કામના આરોપીને પ્રથમ થી જ મુદ્દામાલની ચલણી નોટો બનાવટી અને ખોટી હોવાની માહીતી હોવાનુ જણાઈ આવતુ નથી. આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ જયારે આરોપીએ હાલનો ગુનો કરેલ છે તે બાબતે શંકા ઉપસ્થિત થતી હોય ત્યારે શંકાનો લાભ હંમેશા આરોપીને મળવો જોઈએ તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. આમ આ કામના આરોપીએ તા.૨૭–૭–૨૦૦૭ ના રોજ મણીનગર ચાર રસ્તા પાસે આવેલ નક્ષત્ર કોમ્પલેક્ષમાં આવેલ એચ.ડી.એફ.સી.બેંકમાંથી ગોલ્ડ લોન લીધી હતી તે લોન પેટે ભરવાના થતા નાણા રૂા.૪૮,૫૦૮/– ની રોકડ

રકમ તા. ૨૬–૧૨–૨૦૦૮ ના રોજ કલાક ૧૪–૩૦ વાગ્યે આરોપી ઉપરોકત બેંકમાં ભરવા માટે ગયેલ હતા જેમાં બેંકમાં ભરવા પેટે રૂા.૫૦૦/– ના દરની ૯૭ તથા રૂા.૧૦/–ના દરની એક નોટ બેંકમાં આપતા તે પૈકીની રૂા.૫૦૦/–ના દરની ૯૨ ચલણી નોટો તથા આરોપીની અંગજડતી માંથી બીજી રૂા.૫૦૦/–ના દરની ત્રણ નોટો એ રીતે કુલ્લે–૯૫ ચલણી નોટો મળી કુલ્લે રૂા.૪૭,૫૦૦/– ની નોટો ખોટી અને બનાવટી હોવાનુ આરોપી પોતે જાણતા હોવા છતા તે ચલણી નોટો ખરા તરીકે બેંકમાં રજુ કરી ગુન્હાહીત કાવતરૂ કરી આરોપીએ ઇ.પી.કો. કલમ– ૪૮૯(બી)(સી) તથા ૧૨૦(બી) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો હોવાનુ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલા હોવાથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપુ છે અને મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

આ ખ રી હુ ક મ

(૧) આ કામના આરોપી સચીન રસીકલાલ શાહને ઇ.પી.કો. કલમ– ૪૮૯(બી)(સી),૧૨૦(બી)મુજબના ગુના સબંધે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૧) અન્વયે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુના કામે મુદ્દામાલ તરીકે કબજે કરેલ રૂા.૫૦૦/– ના દરની ૯૨ (બાંણુ) બોગસ ચલણી નોટો અપીલ સમય બાદ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયામાં જમા કરાવવાનો તેમજ આરોપીની અંગજડતી માંથી મળી આવેલ રોકડ રકમ રૂા.૧૦,૧૦૦/– પુરા અંકે રૂા.દશ હજાર એકસો પુરા અપીલ સમય

બાદ આરોપીને યોગ્ય ખરાઈ કરી પરત આપવાનો તેમજ મુદ્દામાલ તરીકે કબજે કરેલ નોકીયા કંપનીનો મોડલ નં.૨૬૩૦ નો કાળા કલરનો મોબાઈલ ફોન –૧ કાયદેસરની કાર્યવાહી કરી અપીલ સમય બાદ તેના મુળ માલિકને પરત આપવાનો તેમજ બાકીના મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપી જામીન ઉપર મુકત હોવાથી આરોપીના જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપી વિરૂધ્ધ જો અપીલ થાય તો આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સિકયોર કરવા માટે આરોપીએ રૂા.૫,૦૦૦/–અંકે રૂા.પાંચ હજાર પુરાના જાત જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.**૯ મી** માહે–**મે** સને–**૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સાંભળાવી જાહેર કર્યો.

તારીખઃ–૯–૫–૨૦૨૪

(સારંગા વી.વ્યાસ)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૧૭,
અમદાવાદ શહેર
યુનીક આઈ.ડી.કોડ નં.GJ00675

પી.જે.રાઠોડ